પ્રવાસી.

(કવિવર 'ઑલિવર ગોલ્ડસ્મિથ' ના
'ટ્રાવેલર' નામના અંગ્રેજી કાવ્યનું
ગુજરાતી કાવ્યમાં ભાષાન્તર.)

લેખક તથા પ્રકાશક,
નર્મદાશંકર ગણપતરામ ઠાકર,
આસિસ્ટન્ટ માસ્તર,
ટ્યુટોરિઅલ હાઈસ્કૂલ,
અમદાવાદ.

કિંમત રૂ. ૦-૪-૦ (ચાર આના)

પ્રવાસી

અથવા

યૂરોપીય જનસમાજનું દિગ્દર્શન.

(કવિવર " ઑલીવર ગોલ્ડ્સ્મિથના " ' ટ્રાવેલર ' નામના અંગ્રેજી કાવ્યનું ગુજરાતી કાવ્યમાં ભાષાન્તર).

લેખક તથા પ્રકાશક.

નર્મદાશંકર ગણપતરામ ઠાકર,

આસિસ્ટન્ટ માસ્તર,

ટ્યૂટોરિઅલ હાઈસ્કૂલ,

મુ. અમદાવાદ.

પ્રથમાવૃત્તિ. સને ૧૯૧૭ પ્રત ૧૦૦૦

કિંમત રૂ. ૦-૪-૦ (ચાર આના.)

“ શ્રી સત્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ ” ખાડીઆ, અમદાવાદમાં
ગાંધી ડાહ્યાભાઈ શકરાભાઈએ છાપ્યું.

નિવેદન.

'આયર્લેન્ડ' નિવાસી સુપ્રસિદ્ધ કવિવર 'ઑલીવર ગૉલ્ડ્સ્મિથ'ના નામથી અંગ્રેજીભાષા જાણનાર વર્ગ ભાગ્યેજ અજ્ઞાત હશે. આ કારણથી તેમના જીવનની રૂપરેખા અત્ર આપવી આવશ્યક ધારી નથી. તેમના સંબંધમાં તો માત્ર એટલુંજ કહેવું બસ છે કે અઢારમી સદીના તેઓ એક મહાન્ ફતેહમંદ કવિ લેખક હતા.

તેમના લલિત અને રહસ્યમય 'ટ્રાવેલર' નામના એક ન્હાનકડા કાવ્યનું આ ગુજરાતી ભાષાંતર છે.અંગ્રેજી ભાષાના અભ્યાસરસિક યુવકોને પોતાની માતૃભાષાદ્વારા આવા રસમય કાવ્યનો યથાસ્થિત ચિતાર આપવા તેમજ કવિની કલ્પના અને તેણે આલેખેલા ભાવનું વધારે સ્ફુટ જ્ઞાન કરાવવા આ અલ્પ પ્રયાસ છે.

કાવ્યનું શબ્દશઃ ભાષાંતર કરવાનું કામ અને તેની સાથે પ્રત્યેક લીટીનો અર્થ તેમજ ભાવ, ઝરઝમક અને પ્રાસાનુપ્રાસ સાથે ઉતારવો એ કાર્ય કેવું કઠિન છે તે તો જેણે અનુભવ્યું હોય તેજ સમજી શકે. પ્રસ્તુત કાવ્યને બને તેટલું, શબ્દશઃ ભાવગય, તથા સમન્વય બનાવવા યથાશકિત યત્ન કર્યો છે છતાં વિદ્વજ્જનોની દૃષ્ટિએ તેમાં કાંઇ ઉણપ દેખાય તો ઉપરોકત કારણસર તે ક્ષન્તવ્ય ગણાશે એમ આશા છે. વળી જો તેમાં કોઇ રસજ્ઞ વિદ્વાન તરફથી તે સંબંધે સૂચના કરવાની કૃપા થશે તો દ્વિતીયાવૃત્તિમાં ઉપકાર સહિત તે બાબત યોગ્ય સુધારો કરવામાં આવશે.

ચાલુ વર્ષમાં આ કાવ્ય 'મેટ્રિક'ની પરીક્ષા માટે નક્કી થએલું હોઇ તેને તાકીદે વિદ્યાર્થી દુનિયાની સેવામાં રજૂ કરવાની અભિલાષા હતી પરંતુ કેટલાંક આકસ્મિક કારણોથી તેમાં વિલંબ થએલ છે; તોપણ આશા છે કે તે મોડું પણ વ્હેલું ગણી વિદ્યાર્થીવર્ગ તેને સ્વીકારી લેશે અને વિદ્યાવિલાસી સજ્જનો આ અલ્પપ્રયાસને યથોચિત ઉત્તજન આપશે.

આ પુસ્તકનો જન્મ મારા પરમહિતેચ્છુ અને 'ટયુટોરિઅલ હાઇસ્કૂલ'ના વિદ્યાવિલાસી માનવંતા માલિક અને 'મેનેજર' સાહેબ શ્રીયુત્ વિનાયકરાવ શિવપ્રસાદ ત્રિવેદી, બી. એ.; એસ. ટી. સી. ડી. ની પ્રથમ સૂચનાને આભારી છે; એટલુંજ નહિ પણ તેઓશ્રીએ તે યથાનુકૂલ વાંચી તેમાં યોગ્ય સુધારાવધારા કરવાની જે કિમ્મતી સલાહ આપી છે અને તેમ કરવામાં પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપ્યો છે તેથી તેમનો સહૃદય ઉપકાર માનવાની આ તક લઉ છું. ઉપરાંત તેઓ સાહેબ મારા વિકસતા કાવ્યાનુરાગને સતત્ ઉત્તેજી મારા ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરતા રહે-છે અને મારે માટે જે સદ્ભાવ ધરાવે છે તે માટે તો હુ તેઓશ્રીનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

સાંકડીશેરી.
સદ્માતાની પોળ.
અમદાવાદ.
તા. ૨૭ જાન્યુઆરી ૧૯૧૭.
વસંતપંચમી.

નર્મદાશંકર ગણપતરામ ઠાકર.

પ્રવાસી

અથવા

યૂરોપીય જનસમાજનું દિગ્દર્શન.

*હરિગીત.

બહુ દૂર મિત્ર વગર અને ગમગીનને ધીમો અહા,
જ્યાં મંદ વ્હેતી શેલ્ડ કે વ્હેતી સ્વચ્છન્દી પો જયહાં;
વધતો અગર અવિવેકી કો કેરેન્થીઅનની પાસ તો,
જે ઘર વગરના [1]પાન્થની સામે કમાડો વાસતો. ૪
અથવા જયહાં કૅમ્પેનીઆનું શૂન્યસમ વેરાન છે,
મેદાન જેનું [2]કિલષ્ટ દૃષ્ટિપથલગી લંબાણુ છે;
જે જે પ્રદેશ નિહાળવા જ્યાં રખડતોજ પ્રવાસમાં,
મુજ હૃદય રખડ્યા વિણુ વળતું પ્રેમથી તુજ પાસમાં. ૮
દિલ તો સદા મમ ભ્રાતશું પીડિત સતત વેગે વળે,
લંબાય સાંકળ પ્રેમની ખેંચાય પૂર્ણ સ્થળે સ્થળે;

---

*(સોહિણી, વગેરે ભિન્ન ભિન્ન ગઝલમાં પણ ગવાય છે.)

૧ મુસાફરની. ૨ કંટાળા ભરેલું.

  એ પ્રથમતમ મમ મિત્રને [1]શાશ્વત સુખો સરવે વરો,
નિજ [2]સદ્મની સૌપાસ સ્વર્ગીયસંત સંરક્ષણુકરો.
હો ધન્ય ! હોતે સ્થાન જ્યાં મિજમાન સાનંદે જતા,
નિજ અંગથાક ઉતારતા અગ્નિ અધિક ચેતાવતા;
વળી ધન્ય તે ગૃહ જ્યાં નિરાશ્રિત દુઃખીને આશ્રય મળે,
સન્માન સારૂં પામતો હરકોઈ પાન્થ પળે પળે.
સાદી અખુટ મીજબાનીઓ એ ધન્ય મુબારક રહો,
કલ્લોલ કરતાં જ્યાં કુટુમ્બી સર્વતઃ સરવે અહો !
નિર્દોષ ચેષ્ટાપૂર્ણ હાસ્ય વિનોદમાં મજ્જન[3] કરી,
વૃત્તાન્ત વસમો સાંભળી અંતર [4]અનુકંપા ભરી.
શરમાળ વા મિજમાનને આગ્રહ કરી જમવા કહે,
કલ્યાણ કરવાથી થતાં સાચાં સકળ સુખને લહે;
  આવાં સુખોમાં ભાગ લેવા આ નસીબ માંડયું નથી,
મુજ પ્રથમ વય વીતી ગઇ ચિન્તા ભ્રમણ સંતાપથી.
સુખ ક્ષણિક પાછળ પૂર્ણ વેગે જેમ હું વધતો જતો,
મૃગજળસમાન ચિતાર મુજને મોહથી શરમાવતો;
જોતાં ક્ષિતિજ વર્તુળ જેવું દૂરદૂર જણાય છે,
લોભાઈ પાછળ જો પડું તો દૂરથી દૂર જાય છે.
તકદીર દોરી જાય કેવળ ભ્રમણ કરવા ભૂતળે,
અવની ઉપર ભૂભાગ કો મ્હારો ન મુજ નજરે તરે;

1 અખંડ, કાયમનાં. 2 ઘરની. 3 ડુબકી મારી. 4 દયા.

અધુનાય અદ્રિ આલ્પ્સનાં શિખરોજ ઉંચાં જયાં જતાં,
બેસું જરી કંઇ વાર વખત વિચારમાંહીં ગુજારતાં.
બેસી ઉપર ઊંચે વળી જયાં ચંડવાત ન બહુચડે,
નીચે નિહાળું જયાં પ્રદેશ અનેકશઃ નજરે પડે;
સર જંગલો શહેરો વળી વિસ્તૃત વડાં મેદાનરે,
મહા મહાલયો[1] મહિપાલનાં કૃષિકાર ઉટજ[2] નિદાનરે.
 કુદરત યદા બહુ બહારમાં જવ આમ સુંદરતા ભરે,
અપકારી અભિમાની મનો સૌંદર્ય ઢગ શુંના ઠરે?
શું કોઇ વેત્તા તત્વનો સુખ એ કહો ધિક્કારશે,
જે સુખ રંક હરેકનું હૈયું હમેશાં ઠારશે.
અભિમાન શાસ્ત્રીયજ્ઞાનનું છુપાવતું તે સૌ ભલે,
કિન્તુ મનુષ્યો અલ્પને સુખ સ્વલ્પથી સુખ મહા મળે;
નિશ્ચેજ જન દિલસોજને ધીમાનનર સૌકો કહે,
જે સકલ માનવ જાતનાં સુખમાં સદા રાજી રહે.
ધન કાન્તિના ભંડારથી ચળકાટમય શહેરો અરે!
હે ખેતરોજ વસંત જયાં સર્વત્ર સુંદરતા ભરે;
સરવર જયહાં જળયાન શઢમાં સતત્ પવન ભરી ફરે,
રે ક્ષેત્રકારો શ્રમ વડે કુસુમી ગુહા સુંદર કરે!
મુજ માટ તમ [3]શ્રમઓઘ ખચિત [4]અમોઘ સુખ આપે અહા,
એ સૃષ્ટિસુખનો હુંજ વારસ સૃષ્ટિ સૌ મ્હારીજ હા;

---

૧ મોટા મહેલો. ૨ ઝુંપડાં. ૩ મહેનતનો સમૂહ. ૪ અચૂક.

જયમ કો કૃપણ [૧]ધનકોષ નિજની મધ્ય એકાકી[૨] જતો,
નીચો નમી [૩]ધનપુંજને ગણી ફરી ફરીજ ગણી જતો.
ફરી ફરી ગણી ધનરાશીને અંતર ઉછાળા મારતું,
કિન્તુ નિસાસા નાંખતો ધન કંઈ અપૂર્ણ રહી જતું;
આ રીતથી મુજ અંતરે ઉર્મી વિવિધ ઉભરાય છે,
જગદીશ જનને દે સહુ તે જોઇ રાજી થાય છે.
તદપિ નિરાશા થાયને સંતાપ અંતરમાં થતો,
જન જાતનાં સુખનો સમૂહ જવ અલ્પ છેક નિહાળતો;
આ વિશ્વરંગ ભૂમિ વિષે ઇચ્છું અતિ અવલોકવા,
સાચાં સુખોથી સ્થાનકો ભરપૂર ભાઇ વિલોકવા.
જયાં શ્રમિત મુજ આત્મા અને આશા ભ્રમણ કરતાં ઠરે,
મુજ જાતિજન સુખમાં નિહાળી આત્મસુખ સંચય કરે;
પણ સૃષ્ટિપટપર સુખદ એવું શ્રેષ્ઠ સ્થાન જણાય કયાં ?
સન્માર્ગકો દોરે સહુ સર્વજ્ઞ થાવા જાય જ્યાં ?
શીતળ હવાથી ધ્રૂજતો જન શીત ધ્રુવ પ્રદેશનો,
મુજ દેશ એશ સુખી કહે, મગરૂર આપ સ્વદેશનો;
તોફાનમાં સમૃદ્ધ નિજ મહાસાગરો સ્તવતો સદા,
લાંબી નિશાના સુખદ ભોગવિલાસ પણ તે સર્વદા.
કો આફ્રિકાવાસી અરે આતપ વિષે આકુળ બની,
નિજ દેશ રેત સુવર્ણની તાડી વડાઈ આપની;

---

૧ તીજોરી. ૨ એકલો. ૩ ધનનો ઢગલો.

અતિ ઉષ્ણુ આતપમાં તપે જલ ઉષ્ણુમાં ન્હાતો તદા,
દીધું ભલું સર્વસ્વ દેવે એમ કહી સ્તવતો સદા. ૭૨
જ્યાં જ્યાં જુઓ ત્યાં ત્યાં સ્વદેશી આમ સુખને શ્લાઘતો,
નિજ દેશને સૌથી સરસ કહી પ્રથમ પદવી આપતો;
તદપિ કદાચિત્ આપણે સૌ દેશને સરખાવીએ,
સુખ સર્વનાં સરખાવી અટકળ અંતરે જવલાવીએ. ૭૬
પ્રેમી સ્વદેશ ભલે પ્રશંસે પણ ધીમાન્ ખરે કળે,
સરખા પ્રમાણે માનવીને સુખ સરવ છે ભૂતળે;
જુદાજુદા દેશો તણાં સુખ ભિન્ન ભિન્ન જણાય છે,
કૃત્રિમ અગર કુદરત તણાં પણ સુખદ સરખાં થાય છે. ૮૦
માયાળુ કુદરતમાત માયા સર્વપર સરખી ધરે,
શ્રમસિદ્ધ જનપર સર્વદા મીઠી અમી દૃષ્ટિ કરે;
[1]કૃષિકાર પૂર્ણ આહાર પામે શ્રમતણું ફળ સર્વદા,
ઈદ્રા ગિરિ શ્રૃંગે અગર આર્નો સરલપટમાં સદા. ૮૪
[1]યદપિ [2]ખડકઅવતંસભૂષિત શ્રૃંગ [3]ભીષણુતા ધરે,
પરિચય પડયે તદપિ શિલાઓ પક્ષ શય્યાસમ ઠરે;
વરતી વિવિધ વિભુતિ વધુ હુન્નર કલા કૌશલ્યથી,
વ્યાપાર વિત્ત વધો વધે સંતોષ ને સ્વાતંત્ર્યથી. ૮૮
પણ તે સુખો સર્વે પરસ્પર સાથ વિરોધી બને,
હરએક દ્વિતીય તણી વિનાશક હોય ત્યમ ભાસે મને;

---

૧ ખેડુત. ૨ જોકે. ૩ ખડકરૂપી તોરાથી શણગારેલ. ૩ ભયંકરતા.

સ્વાતંત્ર્ય ધનનો દોર ત્યાં સંતોષ નિષ્ફળ નિવડે,
કીર્તિ વળી કરમાય જ્યાં વ્યાપાર ચઢતીમાં ચડે.
આથીજ રાષ્ટ્ર દરેક નિજપ્રિય સુખ ભણી વળતું દીસે,
ઉદ્દેશી જીવન એજ એ કરવા મથે અવનિ વિષે;
પ્રત્યેક નિજ નિજને ગમે સુખ તેજ લેવાને મથે,
ગણી નિંદ્ય તે તરછોડતો સુખઃઅન્ય થાયે જે પથે.
પ્રત્યેક સુખ પ્રદેશની જ્યારે અવધ પૂરી થતી,
તે તેજ ઇપ્સિત વસ્તુઓ દુઃખ ખાસ કંઇ ઉપજાવતી;
કિન્તુ જરી બારીક નજરે સત્ય આ અવલોકીએ,
મુજ દૃષ્ટિપથમાં આ પડેલા દેશ મધ્ય વિલોકીએ.
મ્હારી સકળ ચિન્તા જરી ક્ષણવાર બ્હાર જતી કરી,
બેસી વિચારૂં માનવીનાં દુઃખને દિલ રે ભરી;
પેલા વિસારેલા વ્યવસ્થાહીન છોડ સમાન રે,
છાંયો કરી શ્રૃંગે[1] ઝુરે પવને ભૂલી નિજ ભાનરે.
દક્ષિણ દિશામાં પ્હાડ એપિનાઇન ઉચ્ચ જણાય છે,
ઉજ્વલ ઇટાલી ત્યાં લગી સુવસંત સમ લંબાય છે;
ઢળતા પ્રદેશો ઉચ્ચ શણગારેજ [2]પર્વતપક્ષને,
દેખાય [3]રંગભૂમિસમાં વૃક્ષો ઉપર વન વૃક્ષને.
સ્થળ સ્થળ દિસંતાં જીર્ણ[4] વચમાં શિખર દેવાલય તણાં,
તે ભવ્યતા ભારે ભરી આ દૃશ્ય શોભાવે ઘણાં;

---

૧ ટોચે. ૨ પર્વતની બાજુને. ૩ નાટકશાળા જેવાં. ૪ જૂનાં, પુરાણાં.

કુદરત તણો ભંડાર સૌ સંતુષ્ટ મનને જો કરે,
તો આ ઇટાલીવાસીઓ સર્વાંશ સુખીઆં છે ખરે. ૧૧૨
જે જે ફળો ફાલે ફુલે થઇ ભિન્ન ભિન્ન પ્રદેશમાં,
પાકે જમીનપટપર અગર ઉગેજ ઊંચાં વૃક્ષમાં;
જે જે દિસે સૌંદર્ય સુરખી ઊષ્ણ દેશો ઉપરે,
જેનો મધુર પ્રકાશ ક્રમશઃ વર્ષને સુંદર કરે. ૧૧૬
જે જે રસાવળ રસ ભરી ઉત્તર દિશા અભિનંદતી,
ખીલી વસંતે ખૂબ અંતે કારમી કરમાઈ જતી;
આ સકલ સુંદરતા અહીં અનુકૂલ [1]ભૂ દર્શાવતી,
કૃષિકારના તન તોડ શ્રમને સર્વથા નવ માગતી. ૧૨૦
વળી ઉદધિ પરની પવન લ્હેરી શીત પાંખ પ્રસારતી,
સર્વત્ર સુંદર દેશપર મીઠી સુગંધી છાંટતી;
ઇંદ્રિય સુખો કે જે અરેરે અલ્પ માત્ર મનાય છે,
સુખ શારીરિ કેવળ પ્રજા આ જાણતીજ જણાય છે. ૧૨૪
મંડપ લતા ક્ષેત્રો દિસે સુંદર કુસુમના બહારમાં,
કેવળ જણાય અધોગતિ અહીં માનુષી અવતારમાં;
પ્રતિકૂલ તેના દોષ રીત રિવાજમાં ભરપૂર છે,
કંગાલ પણ ધોતાલ[2] તાબેદાર પણ મગરૂર છે. ૧૨૮
ગંભીર જીવ લગીર ધર્મે ધીર પણ ખોટા ઠરે,
પ્રવૃત્ત પ્રાયશ્ચિતમાં પણ નવ નવાં પાપો કરે;

૧ જમીન. ૨ ઉડાઉ.

અહીં આ બધા અવગુણ અંતર ભ્રષ્ટતા ભારે ભરે,
જે હોય આર્થિક અવનતી સાથે સદાયે [1]સંચરે. ૧૩૨
કારણ હજુ હમણાં સુધી ત્યાં દ્રવ્ય રેલી [2]રેલતી,
જ્યારે અખિલ આ રાજ્યની વ્યાપારમાં ચઢતી હતી;
વ્યાપારની ચઢતીકલાથી મહાલયો વધતાં ગયાં,
બહુ જીર્ણ સ્તંભો પૂર્વના તે ફરી ગગનગામી[3] થયા. ૧૩૬
કંઇ ચિત્રપટપર ચિત્ર કુદરતની કૃતિ ભૂલાવતા,
અગણિત શિલ્પકલા તણા ઊંચા નમુના ત્યાં થતા;
અસ્થિર દક્ષિણ પવનથી પણ આ દશા ચાલુ રહી,
વ્યાપારની બાજી તણી સઘળી દિશા બદલાઇ ગઇ. ૧૪૦
ધનધામનાં સુખ આ બધાં અંતે ગયાં ચાલ્યાં અરે,
ઉજ્જડ બન્યાં શહેરો અને સ્વામીજ સેવકહીન રે;
[4]સુદીર્ઘ સમયે એ પ્રજાને ભાન વ્યર્થજ આવીનું,
આવો અતિશય ઉદય તે તો મૂળ દુઃખદાયી થયું. ૧૪૪
તોપણ હજુએ [5]હુલક કેરી ખોટ પૂર્ણ મનાય છે,
અવશેષ એ ઊંચી કલાના હજુય લલિત જણાય છે;
નિર્બળ સનોબરનાં મનુષ્યો પતિત કંઈ બહુ કાળથી,
બદલો મળેલો માનતા સ્ફેલાઇથી પણ એ થકી. ૧૪૮
ભભકા ભરી ભારે અહીં રચના રૂચિર જણાય છે,

---

૧ જાય. ૨ રેલંછેલ હતી–પુષ્કળ હતું. ૩ આકાશમાં ઉંચે સુધી ચણાયા–બંધાયા. ૪ લાંબા વખતે, ઘણે સમયે. ૫ જાહોજલાલી–ખૂબી.

આનંદના કૃત્રિમ વરઘોડા વિજયના જાય છે;
સાધુપુરૂષના માનમાં વા તો લલિતલલના તણા,
સન્માનમાં સ્થળ સ્થળ થતા આવા સમારંભો ઘણા.
આવી રમત ગમતો વડે ચિન્તા સકલ વિસરાય છે.
બાળક સમી રમતો રમી બાલિશ[1] મન હરખાય છે
કંઈ સમયથી દાબેદબેલી ઉચ્ચ ઈચ્છાઓ અરે,
અંતે શમી જાતી અગર કંઇ મંદ મન જુસ્સો ભરે.
હલકી મઝાઓ તો વળી પાછળ સુવેગ થકી વહે,
આવી અધમ ક્રીડા કરી આનંદ ઊર વધુ લહે;
એકદિન પેલા મ્હેલમાં જ્યાં સીઝર રાજ્ય કરી ગયા,
તે સમય બળથી ખળભળી જઈ પડું પડું જ થઈ રહ્યા.
તે સ્થાન ખંડેરો મહીં ગત મહાશયોને વિસ્મરી,
ગરજાળ નિજ આશ્રય તણો કો ગ્રામ્ય બાંધે છાપરી;
એથી મકાન મહાન જન શામાટ માગે તે ગણી,
થાતો ખુશી મલકાઈ મન એ ઝુંપડી છે નિજ તણી;
ફર તે થકી પાછું હૃદય મુજ, ચાલને અવલોકીએ,
આબોહવા જ્યાં આકરી ઉમદા પ્રજા તે દેખીએ;
જ્યાં શીત સ્વિટ્ઝર્લૅન્ડ વાસી નિજ વતનમાં આથડે,
જેને કઠણ ભૂમિ થકી નહીં પેટ પૂર જમણ જડે.
ઉજ્જડ સમા અદ્રિ [2] અહીં પેદાશ કંઇ આપે નહીં,
હથિઆરવાળા સુભટ[3] નર સિવાય નહીં બીજું કંઇ,

---

૧ છોકરવાદી. ૨ પર્વત. ૩ યોદ્ધાઓ.

પુષ્પો વસંત તણાં ન; જડ સમ ખડક એ શણગારતાં,
હેમંત હિમ અતિશયે મે માસ પાક બળી જતા. ૧૭૨
પશ્ચિમ પવનની લ્હેર પર્વત ઉપર મંદ ન વાય છે,
ચોપાસ ચપલા[1] ચમકતી અંધારૂં અદ્દભુત થાય છે.
સંતોષ આ સ્થળમાં તથાપિ અલભ સુખ આપે અતિ,
સાદું સકળ રૂતુનું વળી સખતાઈ સર્વ શમી જતી. ૧૭૬
કંગાલ કૃષિવલનું ઉટજ[2] યદ્યપિ આહાર જરા મળે,
સરખી અવસ્થા આત્મની ગતિ રંક સર્વ તણી કળે.
કો શ્રૃંગ ભવ્ય ભુવન તણાં ત્યાં દૃષ્ટિપથ[3] આવે નહીં,
નિજ [4]ક્ષુદ્રગૃહની ક્ષુદ્રતા[5] શરમાવવા ન મળે કંઈ. ૧૮૦
શ્રીમંત સુસ્વાદુ નકો ભોજન દીયે ભપકા ભર્યાં,
જેથી વખોડે વાનીઓ નિજ શાકપાન તણી નર્યાં.[6]
પણ શાન્ત ને ઉછરેલ કેવળ શ્રમ અને અજ્ઞાનમાં,
પ્રત્યેક ઇચ્છા અલ્પથી અનુકૂલ થાએ તે ભૂમાં.[7] ૧૮૪
આનંદમાં આરામ અલ્પ લઇ ઉષાએ [8] ઊઠતો,
વાયુ સહી તીક્ષણ જતો તે ગીત કંઇ લલકારતો;
ધરી ધીર નીર ગભીર સાગર તીરમાં ગીલ[9] ફેરવે,
અથવા અતિ હિંમત વતી હલપૂર્ણિ[10] ખેડે ટેકરે. ૧૮૮

---

૧ વિજળી-વિદ્યુત્ ૨ ઝુંપડું. ૩ નજરે પડે નહીં. ૪ કંગાલ ગરીબ. ૫ ગરીબાઇ. ૬ કેવળ, માત્ર. ૭ દેશમાં. ૮ પ્રાતઃકાલે-સવારમાં ૯ મચ્છી પકડવાનો એક જાતનો આંકડો. ૧૦ જમીન ખેડે છે તે હળનો ભાગ.

પગરવ [1] અગર હિમ પર પડેલ નિહાળી કોતર ખોળતો,
વળી મથન કરતાં શ્વાપદોને [2] તેજ મહીં ઘસડી જતો;
કરી દિવસ શ્રમ સંપૂર્ણ ને રજની થતાં પાછો વળે.
ગૃહ તંત્ર અલ્પ સ્વતંત્ર રાજા સમ બિરાજે ભૂતળે. ૧૯૨
તૈયાર સુંદર શઘડી પાસ વિરાજી ચૉગમ નિરખતો,
મુખ કાન્તિ નિરખાં બાળકોની [3]વહ્નિ તેજે હરખતો;
મદમાતી નિજ [4]અર્ધાંગના રસમય રસોઇ કર્યા થકી,
વળી સ્વચ્છ સુંદરી પાત્ર સુંદરી મધ્ય ભોજન પીરસતી. ૧૯૬
કોવાર યાત્રિક કોઇ જો તે સ્થાનમાં આવી ચડે,
કરી વાત આટું વાળનો યદિ રાત વાસો ત્યાં જડે;
પ્રત્યેક સુખસ્વદેશ ઉજ્જડ આમ તેને આપતો,
નિજદેશભક્તિની હૃદયપર છાપ ઉંડી છાપતો; ૨૦૦
એ પર્વતો પણ જે [5]સદન નિજ ચોતરફ ઘેરી વળે,
આ અલ્પ સુખ સાહિત્યમાં કંઇ અધિક સુખ વૃદ્ધિ કરે;
આશ્રમ અતિ તે પ્રિય ગણે જ્યાં શાન્ત મન વૃત્તિ ઠરે,
વ્હાલી ગણે તે ટેકરી તોફાન સામે જે ધરે. ૨૦૪
શબ્દો ભયાનક સાંભળી જ્યમ બાળ પામી ત્રાસને,
જાએ લપાઇ કુંખમાં વળગી પડી નિજ માતને;
ઘુઘવાટ કરતો ધોધને સુસવાટ કરતો પવનને,
ઉદ્બોધતો [6]અવલંબવા જ સ્વદેશ શૈલ [7]સમૂહને; ૨૦૮

૧ પગલાં. ૨ શિકારનું પ્રાણી. ૩ અગ્નિ. ૪ સ્ત્રી: પત્ની. ૫ ઘર. ૬ વળગી રહેવા. ૭ પર્વતોને.

આવી મરૂ[1]સમ મુલકને મીઠી મઝાઓ છે મળી,
અભિલાષ ઓછી એમની મર્યાદ ઇચ્છાઓ વળી;
તદપિય યોગ્ય પ્રમાણુમાંજ વખાણુ તેઓનાં ઘટે,
ઓછી યદિ અભિલાષતો આનંદ ઓછો સાંપડે; ૨૧૨
પ્રત્યેક કાંકે વાંછના ઉરને અતિ ઉશ્કેરતી,
તે થાય સુખનું મૂળ જવ પારપૂર્ણતાને પામતી.
આવા પ્રદેશો માંહીથી અભિ[2]નવ કલા ઉડી જતી,
જે પ્રથમ ઇચ્છા પ્રગટ કરી પશ્ચાત્ ઇચ્છા પૂરતી. ૨૧૬
આનંદ [3]ઇંદ્રિયજન્ય ઉપર અભાવ આવે છે યદા,
આનંદ કરવો ઉચ્ચ છે અજ્ઞાત તેઓને તદા.
અજ્ઞાત છે તે શકિતઓ જે હૃદયમાં રસ દે ભરી,
નસનસ ભરી રસબસ કરી ગાજી રહે તન સોંસરી. ૨૨૦
રસહીન જીવન તેહનું આછા [4]અનલ સરખું અરે,
મુશ્કેલીઓથી ના બુઝે પ્રજવલિત ઇચ્છા ના કરે;
[5]આહ્લાદ તો છાજે નહીં અથવા યદિ આનંદ લે,
એકાદ આખાં વર્ષમાં મહા પર્વ માણે તો ભલે; ૨૨૪
સંસ્કાર હીણા જીવ એ ઉન્માદમાં બહુ ઉછળે,
દુર્વ્યસનમાંહી દટાઇ પૂર્ણ વિનાશ સુખનો સાંપડે.
કિન્તુ નહીં આનંદ તેઓનાજ આવા અધમ છે,

---

૧ ઉજ્જડ ૨ આનંદ આવે તેવી સુંદર. ૩ ઇંદ્રિયોથી ઉપજતો ૪ અગ્નિ. ૫ આનંદ.

નીતિ નિયમ પણ તેમના હલકી મઝાશા અલ્પ છે.
કાંઠે સુધારો પૂર્વજોથી પુત્રપર અટકી પડે,
સુધર્યા વિનાજ રીવાજ એનાએજ એ વેગે વહે.
મૈત્રી અને [1]મન્મથતણાં [2]શર તિક્ષ્ણ જો સંધાય છે,
અથડાઈ કઠણ કાળજે પાછાં પડી તે જાય છે;
કો સખ્ત સદ્દગુણ તોય આ ન્હાડી પ્રજામાં છે ખરે,
બેઠેલ માળે બાજ જેમ લપાઈ પર્વત ઊપરે;
પણ સર્વ સદ્દગુણ નમ્રજે જીવન મહીં દેખાય છે,
જેથી જીવન યાત્રા ફળી જીવન મનોરમ થાય છે;
તે દૂર સદ્દગુણ પંખી દૂર પ્રદેશમાં ઉડી જતાં,
અનુકૂલ બેશ સુનમ્ર દેશ વિષે નિરાંતે વિરમતાં.
સૌજન્યમય એ દેશ જ્યાં સુવિશેષ બેશ વિવેક છે,
તે ફ્રાન્સ જોવાને ફરૂં જે દેશ સુંદર એક છે.
સ્વાતંત્ર્યમય શોખીનને સૌંદર્યવાળા દેશ રે,
નિજ હર્ષમાં મશ્ગુલ જેને અખિલ જગ રાજી કરે.
બહુ વાર મેં ભેગો કર્યો સંગીત શોખન વર્ગને,
બંસી બજાવી બેસુરી કંઈલ્વાર ખળખળતી કને.
જ્યાં એલ્મ વૃક્ષો કિનારે છાંયો કરી ઝુકી રહ્યાં;
જળ લ્હેરમાં ભીંજાઈ શિતળમંદ વ્હે વાયુ જયહાં;
કો વખત વીણાથી કઢંગા સૂર પણ છૂટી જતા,

---

૧ કામદેવ—પ્યાર. ૨ બાણ.

બેરાગ રાગ બની જતા નટ ચપળ ને ગભરાવતા, ૨૪૮
તો પણ અહો તે ગ્રામ્ય મુજ અદ્‌ભુત કલા અભિનંદતા,
નિજ તાનમાં પણ ભાન તે મધ્યાન્હનું ભૂલી જતા.
[1]આબાલવૃદ્ધ બધાંય ત્યાં સંગીતનાં શોખીન છે,
સંતાનને દે ગાન તાલીમ તાનમાં તલ્લીન છે. ૨૫૨
કો નિપુણ નૃત્ય કલા વિષે વૃદ્ધો ઘણા ઉત્સાહથી,
વીતેલ [2]કોડીત્રણ વર્ષ છતાં વિલાસે વ્હાલથી.
નિશ્ચિંત જીવનને કરી અવિચારી આ લોકો અરે,
ગુંથાઈ ગમ્મતમાં રહે નિજ વ્યર્થ આવરદા કરે, ૨૫૬
એવી કલામાં કુશળ તે મન મોહ જે ઉપજાવતી,
મોટાઈ માન પરે કમાન અહીં સકળ જનની જતી.
સન્માન તે જે સ્તુત્ય સદ્‌ગુણ સત્ય સંપાદન કરે,
અથવા ખચિત ખાટી જતા ઉપલક કદી આડંબરે. ૨૬૦
મોટું ચલણ અહીં માનનું, [3]વિનિમય સદાય થયાં કરે,
વ્યાપાર છે વાણી તણો ચોપાસ એ ભૂમિ પરે;
ત્યાં રંકથી તે રાય સઘળા માન મેળવવા મથે,
સઘળા ખુશામત [4]ખાટવા ટાંપી રહે હરકો પથે. ૨૬૪
થાવા ખુશી કરતા ખુશીને માન લેવા માન દે,
દેખાય દેખીતા સુખી એથી જ સુખીઆ થાય છે;

---

૧ નાનાં બાળકથી ઘરડાં ડોસા સુધીનાં. ૨ ૬૦. ૩ સાટું—આપ લે. ૪ મેળવવા.

પણ આમ જ્યારે સુખ લલિત વિવેકમાં માને જ છે,
તે લોકની મૂર્ખાઇમાં વૃદ્ધિ થવા અવકાશ છે. ૨૬૮
ક્યાંકે સ્તુતિ પરસ્નેહ કે અનુરાગથી શોધાય છે,
વિચાર પર કાબુ ઘટે નિર્બળ મનોબળ થાય છે;
આત્મા અબળમાં સુખ અને સંતોષનું બળ હોય ના,
સુખ સાધવા ટાંપી રહે ઉપર અહોનિશ અન્યના. ૨૭૨
આ કારણે દેખાવ ખોટો અત્ર આછકલાઇનો,
લેવા મથે જન અલ્પનોજ અવાજ સૌ [1]વાહવાહીનો;
ખોટી બડાઇ બહુ અહીં મિથ્યા મને મલકાય છે,
પોષાકપર પિતળ તણા [2]શૃંગાર ખોટા થાય છે. ૨૭૬
હોંશી ભિખારી લોક આ સુખ સૌ ગુમાવી નાંખતા,
ફુલાઇ ફક્કડ જમણ પણ એકાદ વર્ષે આપતા;
નવનવિન ડૉળડમાકમા મન સર્વદા ખેંચાય છે,
આત્મા તણા [3]સંમાનની કીંમત નહીં અંકાય છે. ૨૮૦
કો અન્ય મનનાં [4]મનુજ પર મુજ કલ્પના ઉડી જતી,
[5]વારિધિથી વિંટાયલા હોલૅંડ પર તે આવતી;
ઉભેલ મુજ સન્મુખ તેના ધીર વીર જણાય છે,
વિસ્તૃત મહાસાગર જયહાં અવની સમો અફળાય છે. ૨૮૪
બહુ ખંતથી બલવંત ભરતી આવતી અટકાવવા,
મંડ્યા રહે [6]કૃત્રિમ ત્યાં ઊંચી [7]દિવાલ ચઢાવવા;

---

૧ વખાણનો–સ્તુતિનો, ૨ શણગાર. ૩ પોતાની જાત માટે સારી માનની લાગણી. ૪મનુષ્યો પર. ૫ દરિઆથી–સાગરથી. ૬ બનાવટી. ૭ ભીંત.

આગળ અને આગળ વળી ધીમી અતિ લંબાય છે,
મજબુત મોટી ભીંત એ વધતી વિશેષ જણાય છે. ૨૮૮
ઘુઘવાટી સાગર મધ્ય એ નિજ હસ્ત દીર્ઘ પ્રસારતો,
નિજ રાજ્યનું રક્ષણ કરી કબજો કિનારાનો થતો.
ઘેરાયલો સાગર અહા જે વાર ઊંચો આવતો,
રમણીય ભૂજળ દેશ નીચે સ્પષ્ટ તે જોતો જતો. ૨૯૨
ધીમી જતી તે ન્હેર ખીણુ ભરેલ પીળાં પુષ્પથી,
ઉપકંઠ પુષ્પોથી ભર્યો ધીમાં જતાં બહુ વહાણથી.
બહુ ગીચગીચ બજારને ખેડેલ ત્યાં વાડી ઘણી,
સૃષ્ટિ નવિન રચી હતી સત્તા જહાં સાગર તણી; ૨૯૬
આ રીત જલવેષ્ટિત દેશ વિંટાઇ સાગરથી રહે,
તે દેશ જનને ફરી ફરી મહેનત સદા લેવા કહે.
ઉદ્યોગ શીલ સ્વભાવ રાજ્ય કરે સકળ અંતર વિષે,
ઉદ્યોગ ધન પ્રાપ્તિ પરે ઉપજાવતો પ્રીતિ દિસે. ૩૦૦
ધનરેલના રૂડા પ્રતાપે ઉદ્ભવે સુખ જે સહુ,
અતિશય વિભવથી ઉપજતા અનરથ સહુ ત્યાંતો બહુ;
તે સર્વ અત્ર જણાય [1]ઇપ્સિતાર્થ તેઓને મળે,
સૌંદર્ય સગવડ સુખ [2]વિપુલ વિદ્યા કલા સૌ સાંપડે, ૩૦૪
ઝીણી નજર નાંખી જુઓ તો છળ કપટ નજરે તરે,
સ્વાતંત્ર્ય પણ જન જાતનું વેચાય તે ભૂમિ પરે;
કલહાર [3]કંચન પાસ ત્યાં તો છૂટ સૌ ઉડી જતી,

---

૧ ઇચ્છેલું ફળ. ૨. પુષ્કળ-ઘણું ૩, સોનું-સોનાના સિક્કા.

ગરજાળ જન વેચે ખરીદી ખૂબ ધનિકોને થતી.
આ દેશ જુલમી જાલીમોનો ગૃહગુલામીનું જ આ,
કંગાલ એવામાં પડે મૃત્યુ અધમ હા પામવા;
ધીરજ ધરી આવી ગુલામી તોય તે વેઠી લહે,
ફરકે ન જલ [1]ખાબોચીઆનું જેમ બહુ વાયુ વહે.

ક્યાં બેલ્જીયમના વડિલ નિજ કેવો તફાવત હા હરિ,
સંતુષ્ટ [2]ખડતલ ગરીબને બહાદુર વસ્તી તે ખરી;
પ્રત્યેક [3]લોચન લાલને સ્વાતંત્ર્ય ચમકે[4]નેનમાં,
કેવો ફરક આ ઇશ્વરા [5]સાંપ્રત સુતો **બ્રિટેનમાં.**

આ શબ્દ ઉચ્ચારણ થતાં મતિ મુજ પાંખ પ્રસારતી,
સુવસંત જ્યાં પશ્ચિમ પવનની તે બ્રિટન શું ઉડતી;
રમણીય ને વિશાળ લીલાંછમ મહા મેદાન છે,
ઝેલમ થકી નિર્મળ નદી હોવાનું જેને માન છે.
ચોગમ તહાં મીઠા પનની મંદ લ્હેરી આવતી,
સંગીત ધીમું છેડતી વૃક્ષો વિષેજ શમી જતી;
કુદરત તણી કોમલ છટા મિશ્રિત અહીં દેખાય છે,
તે દેશ જનના મન વિષે બેહદપણુંજ જણાય છે.
બુદ્ધિમતાનું રાજ્ય ત્યાં પ્રત્યેક અંતરને વિષે,
હિંમત ભર્યાં કામે અસાધારણપણે મોટા દિસે;

---

૧. પડતર પાણીથી ભરેલું ન્હાનું તળાવડું. ૨ મહેનતુ સદા અને અભણ. ૩ આંખ. ૪ આંખમાં. ૫ હાલના—અત્યારના.

અકડાઇવાળી ચાલને સરસાઇ [1]ચશ્મે ચમકતી;
[2]પ્રભુતાઇ માનવ જાતની નિરખું અહીંઆંથી જતી.
વિચારવંતી તે પ્રજા મંડેલ મોટાં કામમાં,
કુદરત પ્રમાણે કામ કરતી વગર ડૅાળડમાકમાં;
આત્મીય મજબુતાઇમાં દ્રઢતા ભર્યા બહાદુર છે,
માનેલ હક પોતા તણા માટે બધા ચકચૂર છે;
આ હકતણી ગણનાથી ગ્રામ્ય ગમાર પણ અભિમાન લે,
ઘટતું [3]મનુજને માન નિજ માટેય મેળવવા શીખે;
સ્વાતંત્ર્ય દેવિ, આ સકળ સુખ તું વડે દેખાય છે,
આ મોહિની ત્હારી બધી તુજને સદા સૌ ચ્હાય છે;
આમાં ન હોયે દોષ તો રૂડું પછી બીજું કયું ?
છુટાપણામાં પણ અરે દુઃખ તો રહેલું છે ભર્યું;
સ્વાતંત્ર્ય માને જેહને વિલાયતી લોકો વડું,
રાખે અલગ જન જાતને બંધન તુટેજ સમાજનું.
અંકુશ હીન અમીર અહીંઆં એકલા જુદા પડે,
જાણે નહીં હક તે બને જીવન મધુરૂં જેવડે;
કુદરત તણાં બંધન વડે કંઇ સ્હેજ બંધાએલ તે,
તકરાર વારંવાર માંહો માંહે માંજ મચેલ છે.
ખટપટ ઉઠે કચરાએલા લોકો કરે કકળાટરે,
દાબી દીધેલો લોભ ચારે પાસ ત્યાં તો તરફડે;

---

૧ આંખોમાં. ૨ મોટાઇ. ૩ માણસને.

અંતે પછી જ્યારે અતિ સંચો ઘણોજ ઘસાય છે,
અટકે ગતિમાં અગરતો [1]ઉન્માદ ભડકો થાય છે. ૩૪૮
અટકે ન આથી જેમ કુદરત બંધનો જુદાં પડે,
કર્તવ્ય પ્રેમ સ્વમાનનો અંકુશ નિષ્ફળ નિવડે;
કૃત્રિમ કેવળ બંધનો કાનુનને ધનના અરે,
સત્તા વધારી સર્વદા મોટા પરાણે થઈ ફરે. ૩૫૨
આ કારણે આનેજ સઘળા સર્વદા આધીન છે,
ગણના ગુણીની છે નહિ વિલાપ વિદ્વાનો કરે;
એવો સમય પણ આવશે, કીર્તિ બધી ચાલી જશે,
વિદ્યાવિલાસી વીરનો આ દેશ તો ઝાંખો થશે. ૩૫૬
કુળવંત લોક સ્વદેશનો ચળકાટ જ્યાં મુકી જતા,
કીર્ત કમાવા કારણે રાજા કવિરાજા થતા;
તે દેશ કેવળ એક સરખા લોભમાં ડુબી જશે,
વિદ્વાન રાજા વીર માન રહિત મૃત્યુ પામશે. ૩૬૦
સ્વાતંત્ર્યને અવખોડતો એથી ન અંતર આણશો,
રાજા અને મોટા તણી કરતો ખુશામત માનશો;
હે સત્યદેવિ, મુજ હૃદયને ઉચ્ચ સ્થાને દોરતી,
મમ હૃદયથી ઈચ્છા અધમ એ [2]સુર દૂર કરો જતી. ૩૬૪
સ્વાતંત્ર્ય દેવિ સુંદરી સરખી ધરે મન લાગણી,
ગુસ્સો અધમનો તીક્ષ્ણ [3]જાલીમની [4]અસિ સરખાં ગણી;

---

૧ ગાંડાઈ—ઘેલછા. ૨ દેવ—દેવતા. ૩ જુલમી—જુલમગાર. ૪ તલવાર.

હે ક્ષણિક પુષ્પ! અહીંજ તું સરખી રીતે કચરાય છે;
મગરૂર ધિક્કારે તને સામાન્ય જન બહુ ચ્હાય છે.
પણ ફેરફારો સર્વ આ [1]સુરખી અચળ ત્હારી સહો,
તુજને બચાવા કારણે દાબી દઉં એને અહો;
પ્રત્યેક દેશે કેમકે સિદ્ધાન્ત અનુભવ સિદ્ધ છે,
મહેનત કરે તે વર્ગ પર ધીમાનનો કાબુ વધે.
સ્વાતંત્ર્યનો ઉદ્દેશ ઊંચો એક કેવળ એ જ છે,
પ્રત્યેક પર સરખે પ્રમાણે ભાર મુકો તેજ છે;
એકાદ જો કો વર્ગને ઓછોવધુ બોજો પડે,
તો બે ગણો બોજો બધા બીજા પરે ભારે પડે,
  સાધન પ્રતિ તે સત્યનાં આંખો ઉઘાડી ના જુએ,
એકાદ વર્ગ વધી જતો સ્વાતંત્ર્ય તો પણ તે કહે;
શાન્તિ સજે મમ આતમા એ એમ ઉશ્કેરાય ના,
ઉશ્કેરતું કો દુઃખ ઓચિન્તું ન એજ સિવાય હા.
સરદાર ખટપટીઆ રહે ઘેરી યદા રાજંનને,
ઓછું કરે ઇશત્વ નિજ શાસન જમાવા કારણે;
નિરખું યદા ટોળી ફીતુરી એકમત થાતી અહીં,
પોતેજ છૂટા હોઇને સ્વાતંત્ર્ય તે કહેતા સહી;
સ્વચ્છન્દિ ન્યાયાધીશકો બાંધે નવા કંઇ કાયદા,
કચરાય રંકો કાયદે શ્રીમંત જન લે ફાયદા;

---

૧ મધુર. શોભા–લાલી.

ભટકેજ જાત અનાર્ય જ્યાં તે દેશની દોલત અરે,
લેવા ગુલામો દેશમાં લૂંટેલ જુલ્મ કરી અરે. ૩૮૮

ભય ન્યાય અનુકંપા તણો જુસ્સો પ્રગટ હા થાય છે,
આ ધડકતું ખોલે હૃદય એ ભેદ ભાગી જાય છે,
અડધો સ્વદેશી ભક્તને અડધો બની [1]ભીરૂ અને,
નાના જુલમગારો થકી અધુના[2] ફરૂં રાજ્યાસને. ૩૯૨

મુજ સાથ બન્ધુ તુંય પણ ધિક્કાર તે પળ દુષ્ટને,
જવ [3]આદ્ય લોભીવૃત્તિએ ફટકો કર્યો રાજ્યાસને;
આ રીત કીર્તિપુંજ મૂલ વિષે બગાડ [4]બહુ કરી,
ધન દાનને મન રાજ્ય કરવા દ્વિગણી સત્તા ભરી. ૩૯૬

જોયું ન [5]ભરચક વસ્તીમય બ્રિટન કિનારા ઉપરે,
વેચાય પુત્રો કામના કંઈ તુચ્છ કાંચનથી અરે;
દીઠી [6]ફૃતેહો સર્વ પણ હા નાશ જલદી આવતો,
તે દીપસમ જે બુઝતાં પરકાશ અદકો આપતો. ૪૦૦

ધનવંત તો દેખાય નિજ મોટાઈ જાળવતા અહીં,
મૂકી જતા પાછળ સખત તે પાયમાલી દેશની.
[8]ક્ષેત્રો ઉપર છુટાં છવાયાં ગામડાં આવી રહ્યાં,

---

૧ બીકણ. ૨. હમણા. ૩ પ્રથમ-પહેલ વહેલાં ૪ બમણી. ૫ ગીચોગીચ-ભરપુર ૬ દીવા સમાન. ૭ પ્રકાશ-અજવાળું. ૮ ખેતરો.

વેરાનને એકાન્તમાં ભપકા ભર્યાં [1]ભુવનો થયાં.
દીઠી નથી શું આપણે [2]શ્રીમંતની જબરાઈથી,
કંઇ સમયનાં ગામો તણી શોભા બધી [3]ભાંગી જતી?
કો પુત્ર આજ્ઞાંકિતને બુઢ્ઢા બનેલા બાપને,
શરમાળ વા કો [4]કન્યકાને [5]વિનયવંતી માતને.
દીઠાં કઢતાં બ્હાર ઘરની કષ્ટમાં તે [6]વૃંદને,
પશ્ચિમ [7]દરીઆ પાર ઓળંગી જવાને તેમને;
જ્યાં ઑસ્વેગો જંગલ મહીં બ્હે [8] પાનથળ પથરાવતી,
ને નાયગ્રાના ધોધથી [9]શ્રવણેન્દ્રિઓ બ્હેરી થતી,
હમણાય પણ હા પાન્થ કોઇ કદાચ ત્યાં ફરતો હશે,
ઘાડી ભયાનક ઝાડીની વચ્ચે થઇજ જતો હશે;
પશુઓય પણ જ્યાં માનવીથી રાજ્ય સરખું માગતા,
ને [10]તામ્રવર્ણી લોક ત્યાં દ્રષ્ટિ ખુનીથી તાકતા.
ચોપાસ ત્યાં ઉપર અને તોફાનની ચકરી ચડે,
ભય ત્રાસથી પોકાર ચોગમ કષ્ટના કાને પડે.
દુઃખીજ દેશનિકાલ તે દુઃખે નમી નીચો જતો,
શકતો નહીં રોકાઇ ભયથી શ્રમિત તે નહીં ચાલતો.

૧ મોટાં મકાનો—મહેલો. ૨ ધનવાનોની. ૩ નાશ પામતી. ૪ કુમારિકા. ૫ વિનયવાળી—નમ્ર. ૬ ટોળાંને. ૭ ઍટ્લાન્ટિક મહાસાગર. ૮ લીલોતરીવાળો ઉજ્જડ પ્રદેશ. ૯ કાન—સાંભળવાની ઇન્દ્રિઓ. ૧૦ તાંબા જેવા રંગના—અમેરિકાના અસલ વતનીઓ.

લાંબી નજર નાંખી જુએ ઇંગ્લેન્ડ કીર્તિમંત જ્યાં,
મ્હારે વિચારે તે મળી દિલસોજ દિલ કરતો ત્યહાં;
નિષ્ફળ અતિ નિષ્ફળ બધી આ મુજ રખડપટ્ટી અરે,
મિથ્યા મથ્યો તે શોધવા સુખ જે રહ્યું છે અંતરે. ૪૨૪

શું કામ સુખશાન્તિ તજી હું આમ મિથ્યા આથડ્યો,
પ્રત્યેક રાજ્યે જે સુખો છે શોધવા તે તે ફર્યો ?
પ્રત્યેક રાજ્યે જોર જોકે ત્રાસનું જામી રહ્યું,
જુલમી કદાચિત્ કાયદાનું કે દબાણ નરેશનું. ૪૨૮

વેઠી શકે માનવ હૃદય તે માંહિ ન્યૂજ જણાય છે,
રાજા અગર ધારાથી દુઃખજ જે મટે કે થાય છે.
પ્રત્યેક તોપણ સ્થાનમાં એ સર્વ આપણ હસ્ત છે,
અનુકૂલતા પોતાતણી કે સુખ નિજ સમસ્ત છે. ૪૩૨

કો ગુપ્ત રીતે એ મળે તોફાન જેને ના નડે,
સંસાર સુખનો શાન્ત એ નિર્ઝર અખંડ વહ્યાં કરે;
ફરસી ઉગામેલી અગર કો ચક્ર દુઃખ દાયી અને,
લ્યુકલોહતાજ અને પથારી લોહની ડેમીનને; ૪૩૬

અધિકારથી અળગા જનોને દુઃખ એ અજ્ઞાત છે,
* આથીજ પ્રજ્ઞા પ્રણય હૃદ્બલ તેમનેજ અધિન છે.

---

* પ્રજ્ઞા પ્રણયને પ્રેરણાબળ તેમનાં તેથીજ છે.

આ પુસ્તક નીચેનાં સ્થળોએ રોકડી કિંમ‍ં
અગર વી. પી. પોસ્ટથી મળશે.

શ્રી ગુજરાત ઓરિયેન્ટલ બુકડીપો
રીચીરોડ–અમદાવા

એસ. એન. શાહ. બુકસેલર
રીચીરોડ–અમદાવા

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે
ત્રણ દરવાજા–અમદાવાદ.

એસ. બી. શાહ.
પાનકોર નાકા–અમદાવાદ.

ગિરજાશંકર પુરૂષોત્તમ શર્મા.
બોરડી બજાર–વીરમગામ.

અથવા કર્તા પા[illegible] નીચેને શિરનામેથી મળશે,
નર્મદાશંકર ગણપતરામ ઠાકર.
સાંકડીશેરી સદ્‌માતાની પોળ–અમદાવાદ.